સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૫

નાત-જાત ધર્મોને એક સૂત્રે બાંધો તો ખરા!
પક્ષ-પરિવાર સાથે સંબંધો સાંધો તો ખરા!
રાંધો તો ખરા એન્કૌટરની ખદબદ ખીચડી -
પહેલાં ઘરમાં પૂલ-કેનાલો બાંધો તો ખરા!
(- પછી કેદાર પરિસર બાંધજો)

હાઈકુ

છૂપાવે તંત્ર,
કાળી આવક જેમ -
મરણ-આંક

શ્રી હીરાલાલ
જઇ આવ્યા કેદાર
ડેલી એ હાથ!

ચિંતન

મૌનાન્મૂકઃ પ્રવચન પટુર્વાતુલો જલ્પકો વા ધૃષ્ટઃ પાર્શ્વે ભવતિ ચ વસન્દૂર તો અપ્ય પ્રગલ્ભઃ ।
ક્ષાન્તયા ભીરૂર્યદિ ન સહતે પ્રાયશો નાભિજાતઃ સેવાધર્મઃ પરમગહનો યોગનામપ્યગમ્યઃ ॥

'સેવક મૌન રાખે તો મૂંગો, બોલવામાં ચતુર વાચાળ હોય તો વાતોડિયો, કે બડબડીયો, નજીક રહે વધારે પડતા સંબંધો રાખે તો ધૃષ્ટ અને દૂર રહે અંતર રાખે તો શરમાળ, જો ક્ષમાશીલ હોય તો ભીરૂ-બીકણ અને સહન ન કરે - વિરોધ કે સામનો કરે તો નીચ કુળનો ગણાય છે - ખરેખર સેવક નો સેવાધર્મ પરમ ગહન છે - યોગીઓ પણ તેનો ત્યાગ પામી નથી શકતા - અગમ્ય છે.'

તુલસીદાસજી એ પણ ભરતજી જયારે રામને મળવા વનમાં જાય છે ત્યારે એક ચોપાઇ કહે છે : 'સેવક ધર્મ અતિ કઠોરા.'

સ્વૈચ્છિક સંસ્થાઓનાં કાર્યકરો ગાંઠના પૈસા કાઢી, ડોનેશન મેળવી - સમાજ અને પ્રેમ કલ્યાણના કામ કરે છે પછી તે શિક્ષણ દ્વારા - દવાખાનાં કે ભોજનાલયો દ્વારા લોકસેવા કરે એમાં તદ્દન નિર્લેપ ભાવે માત્ર 'સેવા' જ હોય છતાં 'વાંકુ' જ જોનારા - 'કોઇ મફત સેવા ન કરે'ની શંકા સાથે - 'કમીશન તો કાઢી જ લેતા હશે' એમ નિશ્ચય પૂર્વકનું મન બનાવી 'સેવક'ને શંકાદૃષ્ટિથી જ જુએ છે. સેવકે ક્યારેય માન-પાન-પ્રશંસાની આશા-અપેક્ષા રાખવી જોઇએ નહીં.

સુવિચાર

- **વ્યવહારોની શુદ્ધતા અને બીજાઓ પ્રત્યે આદર આ બે સજ્જનના મુખ્ય લક્ષણો છે- સચ્ચિદાનંદ**
- **મનની શાંતિ અનુકૂળ પરિસ્થિતિઓ દ્વારા નહી પરંતુ આંતરિક પરિવર્તન દ્વારા પ્રાપ્ત કરવી જોઇએ - મહાવીર**
- **સંતપુરૂષો અને સજ્જનોના સંગમાં રહેવું, તે ન મળે તો સારા પુસ્તકો વાંચવા- મનુસ્મૃતિ**
- **જો આપણું હૃદય પ્રેમથી ભરેલું હોય ત્યારે સકળ સૃષ્ટિ સુંદરતાથી છવાઇ જાય છે - સંત કબીર**
- **સદગુણ વગર સુંદરતા અભિશાપ છે - બાંગ્લા કહેવત**
- **રૂપ કે કુળ ગૌરવનું કારણ બનતા નથી, માણસનાં કર્મ જ તેની શોભા વધારે છે - ચાણક્ય**

બોધ કથા

જૂના રોગ નવાં નવાં અંગ્રેજી નામ ધારણ કરી દર્દીઓને લાગુ પડે છે. દર્દી જો લક્ષાધિપતિ અને મેડિકલેમ વાળો હોય તો અદ્યતન સુવિધાવાળી હોસ્પીટલમાં દાખલ થાય પછી તો સારવાર બદલતી રહે અને એકએક અંગના નિષ્ણાત પોતાના વિસ્તારનાં 'રિપોર્ટ' કરાવે - રોગ અસાધ્ય હોય દર્દી અને સગાં પણ સમજતાં હોય - પુત્રોને સેવાનો સંતોષ મળે દર્દીની જીજીવિષા પોષાય-પરિણામ સૌ જાણતા જ હોય - (ડોકટર સહિત.)

સૂરતના એક પટેલ પરિવારનાં પંચોત્તર વર્ષના (કરોડપતિ હીરાના વેપારી) કોઇ અસાધ્ય રોગના શિકાર થયા - અદ્યતન હોસ્પીટલમાં રિપોર્ટ-દવા-મહામૂલાં ઇન્જેકશન-પાછળ પાણીની જેમ પૈસો વહેવા લાગ્યો..

પટેલ આંખ મીચી પડ્યા હતા સારવારનો તાલ જોતા હતા. પુત્રએ ડોકટરને પિતાની તબિયત બાબતે અભિપ્રાય માગ્યો. ડોકટર કહે - રોગ તો અસાધ્ય જ છે એની કોઇ દવા હજુ સુધી શોધાઇ પણ નથી. આમ છતાં આપણે કોઇ દવા લાગુ પડી જાય તો પ્રયત્નો કરીએ છીએ. દર્દી પટેલે આ સાંભળી લીધું.

બીજે દિવસે એણે પુત્રોને બોલાવી કહ્યું જુઓ હું ભરપૂર આનંદથી જિંદગી જીવ્યો છું હવે મને કોઇ ઇચ્છા નથી. તમે પણ સારવાર પાછળ સંતોષકારક 'ખર્ચ' કર્યું છે મારો રોગ અસાધ્ય છે. હવે હોસ્પીટલમાં રહી હું પીડા વેઠવા કરતાં ઘરનાં વાતાવરણમાં સૌ સ્નેહી-સંબંધીઓ વચ્ચે રહેવા ઇચ્છું છું મને ઘેર લઈ જાવ. પુત્રો માની ગયા, અને ચોવીસ કલાકમાં જ પટેલ ધામ સીધાવી ગયા.

E-mail : sureshchandrabhatt18@gmail.com

હવે તો વારંવાર એવું બનવા માંડ્યું છે કે ઝાડ કાપવા માટે માણસો આવે તે પહેલાં ચોકીદારો ને ઝોકું આવી જતું અને ઝાડ ગાયબ થઇ જતું હતું

શહેરના સરકારી આરામગૃહ અને નગરપાલિકા સંચાલિત બગીચાની વચ્ચેના ભાગે જુના વડ, પીપળ અને લીંમડાનાં વૃક્ષો આવેલાં છે. તેમાં વડનું એક મોટું ઝાડ આવેલું છે. તેના ઉપર ગીધોનો વાસ છે. તેથી લોકો તેને ગીધડીયો વડ કહે છે. ઘણા લોકો કહે છે કે આ વડ બસો ત્રણસો વર્ષ જૂનો છે. લગભગ લોકો તેની જુદી જુદી ઉંમર બતાવે છે. તેની છાયા રોડ સુધી ફેયાલેયી રહે છે. ધોમધખતા તાપમાં વડ નીચેથી પસાર થઈએ તો એકદમ ઠંડક અનુભવાય છે. દિવસભર સેકડોની સંખ્યામાં ગીધ તેના પર બેઠેલાં જોવા મળે છે. જયારે તે ઉઠે ત્યારે આકાશમાં છવાઈ જતાં હોય છે. આ વડ મોટો તો છે તેના કારણે તેનું થડ પણ એવું જ વિશાળ છે. બે ત્રણ માણસો ભેગા મળી ને બાથમાં લેવા જાય તો પણ લઈ શકે નહીં. તે ઉપરાંત ઠેર ઠેર જમીન પર અડતી તેની વડવાઈઓ જમીનમાં ખૂંબી જઈને વડ ના થડ જેવી જ થઈ ગઈ છે. તેથી અસલી થડ કયું છે તે પણ નક્કી કરવું મુશ્કેલ બને તેવું છે. જો કે ગીધ જેવા મોટાં પક્ષીઓ વડની ટોચ પર રહેતાં હોય છે. એ ઉપરાંત બીજાં પણ કેટલાંક પક્ષીઓ વડની ઘટામાં રહે છે. તેના ટેટા પક્ષીઓને બહુ ભાવે છે. દિવસ દરમિયાન બાળકો વડવાઈઓ પર ઝુલા ઝુલે છે. બગીચાના ખૂણે પાણીપુરીવાળો અને બરફ ગોળા વાળો પણ ઊભો રહે છે.

વિકાસનો વાયરો એવો વાયો કે શહેરમાં કારો અને મોટર સાયકલોની સંખ્યા એકાએક વધી ગઈ છે. શહેરનાં સર્તાઓ સાંકડા લાગવા માંડ્યા છે. તેથી નગરપાલિકા એ બગીચા અને આરામગૃહ વચ્ચે પડેતી પડતર જમીન ને સાફ કરી રસ્તો કાઢવાનું નક્કી કર્યું છે. પણ અહીં આ જૂના વૃક્ષો આવેલાં છે. અહીં જૂનો પગદંડી જેવો રસ્તો છે તે પહોળો કરીને પાકો રોડ બનાવવાની યોજના થઈ રહી છે. કારણ કે એ રસ્તે થઈને એરેડ્રોમ અને નવી બની રહેલ મેડીકલ કૉલેજ તરફ જવામાં અનુકૂળ પડે તેવું છે. તે માટે બગીચાનો થોડો ભાગ અને રેસ્ટહાઉસની દિવાલ તોડીને અંદર લેવાની કામગીરી ચાલી રહી છે. વચ્ચે આવતાં થોડાંક ઝાડ પર કાપી નાખવામાં આવ્યા છે. પરંતુ ગીધવાળા વડ પરની ગીધની વસ્તી એટલી બધી વધી રહી છે કે હવે તે વડ ઉપરાંત નજીકની પીપળ અને લીંમડાના ઝાડ પર બેસવા લાગ્યાં છે. અને ત્યાં પણ ટોચે તેમને માળા બનાવ્યા છે. ગીધડીયા વડની આજુબાજુનાં વૃક્ષોને કાપડાં તેનાં પર રહેતાં ગીધો ને પણ વડ પર આશરો લેવાનો વખત આવ્યોછે. જેથી વડ પર ગીધોની સંખ્યા વધી ગઈ છે. સાંજે અને સવારે આ ગીધો ઉડતાં આકાશમાં છવાઈ જાય છે. અને તેના અવાજથી આખું વાતાવરણ ગૂંજી ઉઠે છે. આજુબાજુની બધી જગ્યા સાફ થઈ ગઈ છે. માત્ર હવે આ વિશાળ વડનું ઝાડ જ રસ્તાની વચ્ચોવચ્ચ આવે તે રીતે ઊભું છે. તેથી તેને કાપવાની તંત્રને જરૂર લાગે છે. આવા મોટા વૃક્ષને કાપવા માટે રસ્તા પરનાં ટ્રાફિકને એક બે દિવસ બંધ કરવો પડે અને બગીચામાં આવતાં સહેલાણીઓને પણ રોકવા પડે. તે ઉપરાંત બરફ ગોળા, પાણીપુરી અને બીજી ખાણીપીણીની લારીઓ વાળાને પણ હટાવવા પડે. તેથી એવું નક્કી થયું કે ઝાડને સાંજના સમયે કાપવું. તે સમયે ગીધ પણ ખોરાકની શોધમાં ગયેલા હોય છે. સાંજના સમયે લોકોની અવરજવર પણ ઓછી હોય.

નવાં ક્લેવર
- નટવર હેડાઉ

લોકોની અવરજવર અને લારીઓવાળાને હટાવીને આ વિસ્તારને પ્રતિબંધિત જાહેર કરી દેવામાં આવ્યો, નગરપાલિકાના કર્મચારીઓ સાંજનાં સમયે સાધન સામગ્રી લઈને ગીધડીયા વડને કાપવા આવી ગયા. પણ ત્યાં પહોંચીને જોયું તો જોવાં જ દંગ રહી ગયા. ત્યાં વડ હતો જ નહીં. વડ પોતાના ગીધોની સાથે ગાયબ થઈ ગયો હતો. ત્યાં એક મોટો ખાડો પડી ગયેલો હતો.

આવડો મોટો વડ એકાએક ગુમ કઈ રીતે થઈ જાય? કોઈને આ વાત સમજાતી ન હતી. એવાં મશીનો પણ શહેરમાં ન હતા કે ઝાંડને... અને તે પણ આવડા મોટા ઝાડને મૂળ સોતું ઉપાડીને લઈ જઈ શકે. આવડા મોટા ઝાડને ઉખાડવામાં આવે તો તો રસ્તે જતાં અને આજુબાજુના લોકોની નજરે ચડ્યા વિના રહે નહીં. કાપીને લઈજાય તો તેમાં કેટલો સમય લાગે. મગર ચક્રોવ ચડી જાય તેવી આ ઘટના બની. તાત્કાલિક વહીવટદાર મંત્રી અને અધકારીઓને ફોન લગાવાયા. થોડીવારમાં મંત્રી અને અધિકારીઓ દોડી આવ્યાં. તેમણે સ્થળનું નિરીક્ષણ કર્યું. જો ઝાડને કાપવામાં આવ્યું હોય તો ડાળી ડાળખાં, પાંદડા જેવા અવશેષો મળવા જોઈએ પણ અહી તો કશું જ નહોતું. ખાડાને જોતાં ત્યાં કાપેલાં મૂળીયાના નિશાન પણ ન હતા. ઘણીવાર સુધી મગજમારી કર્યા પછી પણ એ આ વાતે નિરાંતનો શ્વાસ લીધો કે ચાલો જે થયું કે સારૂં થઈ ગઈ. નગરપાલિકાના ટ્રેકટરમાં આવેલા મજૂરોએ પાવડાથી માટી નાખી ખાડો પુરી દીધો. બાકીનું કામ તો રોડ બનાવનારાઓએ કરવાનું હતું. પોલીસે પણ ટ્રાફિક રોકવા માટે લગાવેલા બેરીકેટ દૂર કરી દીધાં. લારીઓવાળા પરનો પ્રતિબંધ દૂર થઈ ગયો. જોત જોતામાં આખા શહેરમાં વાત ફેલાઈ ગઈ કે ગીધડીયો વડ પોતાની જાતે ગાયબ થઈ ગયો.

મોટાં મોટાં ગપ્પા મારવાવાળા અને અફવાઓ ફેલાવનારાઓનો શહેરમાં તોટો નહોતો. સાંજ થતાં સુધીમાં તો લોકોના ટોળેટોળાં ગુમ થયેલા ઝાડને જોવા ઉમટી પડ્યા. કોઈએ એ વિચાર્યું પણ નહીં કે ગુમ થઈ ગયેલું ઝાડ જોવા કયાંથી મળે? અને જે જોવા મળે તે ગુમ થયેલું કંઈ રીતે કહેવાય.

સાંજ થઈ રહી હતી. અંધારું ઘેરાવા લાગ્યું હતું એટલે ગીધના ટોળા ઉપર ચક્કર લગાવવા લાગ્યા હતા. લોકોએ ત્યાં જઈને જોયું તો વડનું ઝાડ તો જેમ હતું તેમ જ ત્યાં ઊભું હતું. તેને કોઈ ઘસરકો પણ લાગ્યો ન હતો. લોકો નિરાશ પણ થયા અને ખુશ પણ થયા કે ગીધડીયો વડ હજુ ત્યાં ને ત્યાં જ મૌજુદ છે. હવે લોકોને લાગ્યું કે શહેરનાં મિજાજ મુજબ કોઈએ આ અફવા ફેલાવી લાગે છે. કદાચ સરકાર કે નગરપાલિકા વાળાઓએ પણ અફવા ફેલાવી હોય જેથી કોઈ વિરોધ ન કરે. અને ઝાડના લાકડાંને ઠેકાણે પાડી શકાય. શહેરમાં હજારો ફોન ફરીવાર ઘણઘણી ઉઠ્યા. થોડી જ વારમાં ધમાલ મચી ગઈ. નગરપાલિકાના હોદ્દેદારો અને અધિકારીઓ ફરી એકવાર તેમનું લાવ લશ્કર લઈને ઘટના સ્થળે આવી પહોંચ્યા.

સૌ કોઈ આશ્ચર્યની જોતા હતા. ઝાડ તો ઊભું જ હતું. બીલકુલ પહેલાં હતું ત્યાં જ અને એ જ રીતે. કોઈને સમજ પડતી નહોતી કે આ શું થઈ રહ્યું છે. પ્રેસ અને મીડિયાવાળા પણ પોતાના કેમેરા અને માઈકોફોન લઈને આવી ગયા. જાત જાતના પ્રશ્નો હવામાં ઉછળવા લાગ્યા. ગીધડાંઓનાં અવાજમાં ક્યાંક સવાલ અને ક્યાંક તેના જવાબો ઓગળી જતા હતા. ને તો પ્રશ્નો પુછનારની અકળ કામ કરતી હતી કે ન તો જવાબ દેનારની, ઝાડની તરફ જોનારને એમ લાગતું હતું કે તે ધીમે ધીમે સ્મિત કરી રહ્યું છે. આ તો તમાશાને તેડું ન હોય એવું થયું હતું. બાકી તો ઝાડને ગુમ થવાનું રહસ્ય તો ઝાડને ખબર હતી કે પછી ગીધો ને.

મોટી મોટી વાતો કરી ડિંગો મારનારા નવા નવા તુક્કા ચલાવવામાં મશગુલ હતા, બગીચાને સામેની બાજુ જે કાચાં પાકાં મકાનો હતા ને રંગારાઓનાં હતા. તે બાંધણીઓ, બાટીક પ્રિન્ટ અને લાકડાના બીબાથી કપડાં પર સુંદર હસ્તકલાની ડિઝાઈનો ઉપસાવતા પણ તેમનાં રંગો જો ફીક્કા પડે છે તેવું લાગે તો એ લોકો કયારેક આવી જ અફવાઓ ફેલાવતા જેથી કપડાના રંગો ગાઢ થતા એવી તેમની માન્યતા હતી. તેથી કદાચ એ લોકો એ જ આવી અફવા ફેલાવી હોય એવું બને. આમ તંત્ર વાહકો પરથી અફવાનું તહોમત રંગારાઓ ઉપર ગયું હતું. પણ નગરના મેયરને બદલવા કોઈ વિરોધીઓ એ અફવા ફેલાવી હોવાની ચર્ચા પણ ચાલતી હતી. આમ જેટલા લોકો તેટલી વાતો બધા પોતપોતાની ધારણાઓ મુજબ જેનું મગજ જે બાજુ ચાલે એ બાજુ દોડાવતા હતા. ગીધની જેમ ભલે માણસ આકાશમાં ઉડી ન શકે પણ બૌદ્ધિક ઉડાન તો ભરી શકે છે.

અડધી રાત સુધી આ તમાશો ચાલતો રહ્યો. છેવટે પોલીસે દંડા દ્વારા લોકોની ભીડને ભગાડવાનું શરૂ કર્યું. નગરપાલિકાની મિટીંગ ફરી વાર થઈ અને ઝાડને કાપવાનો નિર્ણય લેવામાં આવ્યો. તેની તારીખ પણ નક્કી થઈ ગઈ. અને ત્યાં સુધી ઝાડની આસપાસ સખત પહેરો મુકવામાં આવ્યો. તંત્ર આ વખતે કોઈ પણ પ્રકારની ઢીલ આપવા માંગતું ન હતું. જેથી કોઈ ગરબડ થવાની સંભાવના જ ન રહે. ઝાડ કાપવા માટે જે તારીખ નક્કી થઈ હતી. તેના એક દિવસ પહેલાં ઝાડની ફરતે દસ પંદર પોલીસની એક ટૂકડીનો પહેરો ગોઠવી દેવામાં આવ્યો. દસ પંદર પોલીસની ટૂકડી પહેરો ભરવાની સાથે સાથે આજુબાજુ ફરીને ધ્યાન રાખતો હતો. પરંતુ સવાર થતાં નગરપાલિકાની ટીમ ઝાડ કાપવા આવી તે પહેલાં કોણ જાણે કઈ રીતે હવાની એક લહેરખી આવી અને પહેરો ભરતા સિપાઈઓ ઝોંકે ચડી ગયા. આજુબાજુ ભ્રમણ કરતા સિપાઈઓ પણ ક્યાંક બાંકડા કે દુકાનના પાટીયા પર સૂઈ ગયા અને આંખના પલકારામાં વડનું ઝાડ ગાયબ.

એકાદ વાર આવું બન્યું હોય તો સમજ્યા મારા ભઈ પણ આતો વારંવાર આવું બનવા લાગ્યું હતું. વાત રાષ્ટ્રીય અને પછી આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે ચર્ચાવા લાગી. હવે તો વિદેશી મિડીયાવાળા પણ વડના ઝાડની બાજુમાં અડ્યો જમાવીને બેસી ગયા હતા. તે દરમિયાન હજારોની સંખ્યામાં એ ઝાડના ફોટા અને ગીધનાં વસવાટ તેમજ ઝાડ ગુમ થયા બાદના ફોટાઓ પ્રસારીત થઈ રહ્યા હતા. અખબારો અને ન્યૂઝ ચેનલો પર એક સમાચાર હતા. ગીધડીયા વડનો, તેને ગુમ થવાના અને તે પાછો આવ્યો તેના. બે દિવસ પછી પર્યાવરણવાદી સંસ્થાના કાર્યકરો પણ ઘટના સ્થળે આવી પહોંચ્યાં. મોટા ભાગના છોકરા છોકરીઓ જીન્સ અને લીલા રંગના ટીશર્ટ તેમજ માટે ટોપીઓ પહેરીને આવેલાં હતા. તેમનાં ટીશર્ટ પર અંગ્રેજીમાં જાત જાતનાં વાકયો લખેલ હતા. તેમણે આવતાંની સાથે જ ચારે બાજુ પોતાના પોસ્ટર અને બનેલો લગાવી દીધા. મીડીયાનું આકર્ષણ હવે બદલાઈ ગયું હતું. સંસ્થાનો મંત્રી મીડીયાને બાઈટ આપતો હતો. તેણે કહ્યું કે ઝાડને થાય અને પાછા આવવાનો કોઈ સવાલ જ નથી. સવાલ ઘટતી જતી ગીધની સંખ્યાનો છે. તેમને બચાવવાનો છે. તે માટે એ લોકો ધરણા પર બેસી ગયા અને પોતાની મીનરલ વોટરની બોટલોમાંથી પાણી પીવા લાગ્યા. ધરણા પછી તેમણે એક સેમીનાર યોજવાની જાહેરાત પણ કરી. તે દરમિયાન એક સંસ્થાએ એવું જાહેર કર્યું કે આ તો જાદુગરોનું કારસ્તાન છે. જેવી રીતે હિપ્રોટીઝમ દ્વારા જાદુગરો મોટી મોટી વસ્તુઓ ગાયબ કરી દે છે એ જ રીતે કોઈ જાદુગરે આ ઝાડને ગુમ કરવાનો કારનામો કર્યોછે.

(અનુસંધાન પાના નં. ૬ પર)

કોલ સેન્ટરની કન્યાઓ...!! ક્રેડિટકાર્ડ પહેરાવવાં ગળે પડતી બલાઓ...!!

રેશનકાર્ડ બનીને આવ નહીં તો ઈલેકશન કાર્ડ બનીને આવ મારા જીવનનાં આધાર કાર્ડ માટે ક્રેડિટ કાર્ડ બનીને આવ

આપણે કોઈક કામમાં હોઈએ, ડ્રાઈવ કરતાં હોઈએ કે પછી રવિવારે ફિષ્ટ સાથેનું જમણ લઈ જરાં આડે પડખે થયાં હોઈએ એવામાં જ ક્રેડિટકાર્ડ વાળાઓનાં ફોન ટપકી પડતાં હોય છે. મને પહેલાં આવાં વેળા-કવેળાએ આવતાં ફોનથી ખુબ ગુસ્સો આવતો, એમને ખખડાવી ના પાડીને ફોન કાપી નાંખતો... પણ પરિવર્તન સંસારનો નિયમ છે એમ અમેય હવે આવાં ફોનમાંથી આનંદ મેળવવાનું ચાલું કર્યું છે અને ગુસ્સો ફોન કરવાવાળાને આવે એવો માર્ગ અપનાવી લીધો છે... અને હવે તો હું ખાત્રીપૂર્વક કહું છું કે ક્રેડિટકાર્ડ વાળીનાં ફોન એ મને ટેન્શન ફ્રી કરવા માટે જ આવે છે. મારાં આ જ્ઞાનનો લાભ તમનેય આપું છું જેથી તમનેય ફાયદો થાય... મારાં અને કોલસેન્ટરોની કન્યાનું કન્વર્ઝેશન અહીંયા પ્રસ્તુત છે. (આમાં કોઈની લાગણી દુભાવવાનો હેતું નથી...)

Hello ફ્રેન્ડસ!
- સંજય થોરાત

સમય બપોરે લગભગ બે વાગ્યનો, ઓફિસ કેન્ટીનમાંથી લંબ પતાવીને ઈન્ટરનેટ પર દૂનિયાની ઉથલપાથલનો તાગ મેળવતાં કામનાં ટેન્શનમાં અને મારાં મોબાઈલની રિંગટોન 'મૈને તેરે લીયે હી સાત રંગ કે સપને ચૂને' વાગવા લાગી...

કન્યા : ગુડ આફટરનૂન સર, આય એમ કૉલીંગ ફોમ દરોડા બેંક...

અમે : જય ગુજરાત (પહેલાં જ બોલ પર છગ્ગો)

કન્યા : જયશ્રી કૃષ્ણ સર, હું દરોડા બેંકમાંથી વાત કરૂં છું. અમારી બેંકે એક નવું ક્રેડિટકાર્ડ લોન્ચ કર્યું છે, એની માહિતી આપવાં ફોન કર્યો હતો સર, તમે ઈન્ટ્રેસ્ટેડ છો ને?

અમે : કોનામાં?

કન્યા : સર, કાર્ડમાં ને!

અમે : હટ્ સાલું, શું છે ને જીંદગીમાં પહેલીવાર કોઈએ આટલાં મીઠાં અવાજમાં ઈન્ટ્રેસ્ટેડ છો? એવું પૂછ્યું, એટલે જરાં ગલગલીયાં થઈ ગયાં...

કન્યા : (મનમાં મનમાં ખુશ થઈ હશે) તો પછી સર તમને કયારે સમય છે?

અમે : અરે તારા માટે તો સમય જ સમય છે!

કન્યા : એમ નહીં સર, આ કાર્ડ માટે માહિતી આપવા..

અમે : જુઓ તમે આમ મને કન્ફ્યુઝ ના કરો, એક તો સુંદર છોકરી સાથે વાત કરતાં પહેલેથી જ અમારી જીભ લોચા મારે છે. તમે મને કહો તમારાં જ કાર્ડની માહિતી હું તમને કેવી રીતે અને કેમ કરીને આપું?

કન્યા : (ડબલ ખુશ થઈ) વેરીગુડ, એટલે સર તમને કયારે અનુકૂળ ટાઈમ છે? અમારો પ્રતિનિધિ આવીને તમને પુરી માહિતી આપશે.

અમે : એક પ્રશ્ન પૂછું છું ગુસ્સે ના ભરાતા, તમારૂં નામ હીના છે? અને તમે સેન્ટ ઝેવિયર્સ સ્કૂલમાં નોકરી કરતાં હતા?

કન્યા : ના, પણ આપણે કાર્ડ વિશે જ વાત કરીએ તો?

અમે : જૂઓ તમે નારાજ થઈ ગયાં ને? મારી એક સુંદર બહેનપણી હતી આ નામની, એકદમ તમારાં જેવો જ કોયલનાં ટહૂકા કરતો અવાજ. મસ્ત ગુજકાતી ભાષા, સામેવાળાને આકર્ષવાની કળા.

તમારો અવાજ સાંભળ્યો અને મને એકદમ એની યાદ આવી ગઈ... મને માફ કરો પ્લીઝ, કહેવાય છે ને કે આપણું દુઃખ એ બીજા માટે મજાક બની જાય એ જ સાચું...

કન્યા : (ગળગળા અવાજે) ના સર ગુસ્સે નથી ભરાઈ, હમણાં કયાં છે એ બહેન? શું કરે છે? એ પણ બેંકમાં જૉબ કરે છે?

અમે : ખબર નહીં, વર્ષો થઈ ગયા અમને મળે, કયાં છે શું કરે છે? કશું જ ખબર નથી, ગુગલ-ફેસબુક પર પણ શોધી વળ્યો... (અમે અમારાંથી શક્ય એટલા દુઃખી સ્વરમાં કીધું)

કન્યા : (એની વાત પકડી રાખતાં) ઑહ, સો સોરી સર, આજે થોડો સમય કાઢી શકશો સર?

અમે : હા હા કેમ નહીં? તમને મળીને મને ખુબ આનંદ થશે. ફરી એ જ જૂની યાદો તાજી થશે, આપણે સરિતા ઉદ્યાનમાં મળીશું જે અમારી જૂની જગ્યા હતી, તમે ફુલોવાળો પંજાબી ડ્રેસ પહેરીને આવજો... ચાલો આજનો દિવસ તો મને દારૂ પિવાની જરૂર પડશે નહીં. (અમે એકદમ દેવદાસ સ્ટાઈલમાં ચલાવ્યું.)

કન્યા : સર, મને મળીને? અમારો એ એરીયાનો એજન્ટ આવીને તમને મળશે, હું નહીં (ધીમે ધીમે કન્યા હવે કંટાળીને બોલવા લાગી હતી)

અમે : અરે એવું થોડું ચાલે? ફોન કરનારાં તમે, સમય આપનારો હું અને મળવા પેલો ત્રીજો જ આવે? એટલે મહેનત કરે મુર્ગા, અંડે દે મુર્ગી ઔર ખાય ફકીર?

કન્યા : (અત્યંત નારાજગી સાથે) સર, અમે માત્ર કૉલસેન્ટર માટે કામ કરીએ છીએ, લોકોને મળવા માટે બીજા માણસો રાખેલાં છે.

અમે : અચ્છા, એટલે ફોન પર ટોપી પહેરાવનારા અને રૂબરૂ ટોપી પહેરાવનારાં અલગ અલગ માણસો છે, એમ જ ને?

(અનુસંધાન પાના નં. ૬ પર)

જયારે મળે ત્યારે આપણા મિત્રો તો વખાણ કરવાના જ છે પણ અત્યારે તો નજર આગળ છે અરીસો! અરીસો તો છે નિષ્કપટ અને પારદર્શક, એટલે એ તો સાચે સાચું કહી દેવાનો... દૂધ કા દૂધ ઔર પાની કા પાની...

પારિજાત
- રેખા ભટ્ટ

"દરપન જૂઠ ના બોલે"

મને યાદ છે કે બહુ વર્ષો પહેલાં હું નાની હતી ત્યારે સાંજના સમયે અમારે કશેક જવાનું થયું. એટલે મેં ઘરનાં ગોખલામાં મૂકેલો નાનકડો અરીસો લઇ મોં જોયું અને માથામાં ઉપર ઉપરથી કાંસકો ફેરવ્યો તો મારી બા એ સટ્ટાક લઇને ગાલ પર તમાચો મારેલો. એ વખતે તો રડવું આવેલું અને તમાચો મારવાનું કારણ નહોતું સમજાયું. પણ પછી ખબર પડી કે એમ અરીસામાં મોઢું જોવું એ આછકલાઇ ગણાતી. એ વખતનાં વડીલોને એવી માન્યતા કે અરસો તો હલકાં માણસો જૂએ. ટૂંકમાં હલાઇ કહેવાતી/છીછરાપણું કે વરણાગી ગણાતી, અજુગતું લાગતું.

આજના જમાનામાં આવી વાતો અજુગતી લાગે. અથવા ટાપટીપની કે સજીધજીને તૈયાર થવાની આવડત ન હોય કે શોખ ન હોય તેના માટે કોઇનું નાકનું ટીંચકું ચઢાવે ખરૂં! એટલે કે, આકર્ષક દેખાવું એ Must છે. તમારી રીતભાતને કોઇ પૂછતું યે નથી અને સૂંઘતુંયે નથી. એટલે અરીસો તો આ સમયની મુખ્ય જરૂરીયાત છે.

અરીસો સાજ-શણગાર માટે ખૂબ જરૂરી છે. એની સામે બરાબર ઉભા રહીને જોઇએ. એટલે દેખાય છે અસ્તવ્યસ્ત વાળ, મેલો-ચીમડાયેલો ચહેરો, લઘરવઘર કપડાં. પછી આપણે યથાસક્તિ યથામતિ રંગરોગાન શરૂ કરીએ છીએ. ચહેરા પર થોડોક ઢોળ ચઢાવી રૂપાળો કરવા મથીએ છીએ અને વસ્ત્રો-અલંકારો/કોટ-ટાઇ ચઢાવી પ્રેક્ષણીય (!) બન્યા એવો ભ્રમ ઉભો કરીએ છીએ.

જયારે મળે ત્યારે આપણા મિત્રો તો વખાણ કરવાના જ છે પણ અત્યારે તો નજર આગળ છે અરીસો! અરીસો તો છે નિષ્કપટ અને પારદર્શક. એટલે એ તો સાચે સાચું કહી દેવાનો... દૂધ કા દૂધ ઔર પાની કા પાની...

એ તો જેવા છીએ તેવા હૂબહુ રજૂ કરી દેશે એને આપણી જાત ખુલ્લી પાડી દેશે. અરીસામાં રોજ સવારે ધારીને ચહેરો જોતી વખતે જે વ્યક્તિ પોતાની જાત સામે જ આંખથી આંખ મેળવીને ઊભો રહે અને નજરો તરત ઝૂકી ના જાય તો એનું બહુમાન કરવું પડે.

કેમ કે ચહેરાની સાથે સાથે આપણા મનનો એક એક ખૂણો પણ દેખાય છે. ગમે તેટલો અંધારિયો ખૂણો કેમ ના હોય? સર્ચલાઇટનો પ્રકાશ ગોળ ગોળ ફર્યા કરે અને ધીમે ધીમે બધું યે એના અજવાળા નીચે આવતું જાય એમ મનની ઊંડે ઊંડે દટાયેલી વાત કે રહસ્ય પણ ઉઘાડું પડી જાય છે અને સૌથી ઉપર આવી આંખોમાં બેસી જાય છે.

ઇર્ષ્યા, લોભ, લાલચ, જુઠ્ઠાણું, કપટ, બેઇમાની... કોઇ કહેતાં કોઇ રહસ્ય રહેતું નથી જાત સમક્ષ... અને એ ક્ષણ જીરવવી મુશ્કેલ છે.

એકદમ ગોપિત રહસ્ય જે નજીકમાં નજીકના સગાંને કે સંતાનને ન કીધું હોય તે વીજલીના ઝબકારની જેમ ક્ષણવારમાં છતું થઇ જાય છે. તેથી આખી દુનિયાનો સામનો કરનારા આપણે અરીસા સામે ટકી શકતા નથી અને ઝટપટ લાઇટ પંખા બંધ કરી બહાર આવી જઇએ છીએ.

ચહેરા પરના રંગરોગાન પર બીજો એક આછોપાતળો ઢોળ ચઢાવી દઇએ છીએ. આછા-આછા-સ્મિતનો/ મલકાટનો/ સહૃદયતાનો. અને હાથમાં હાથ મિલાવી નીકળી પડીએ છીએ ઝટપટ ઘરની બહાર, અરીસાથી દૂર... જાતની દૂર... અંતઃકરણથી દૂર...

કેમ કે Eye is a Window for the soul to See. આપણને મિત્રો/સ્વજનોથી ઘેરાયેલાં રહેવું ગમે છે. જાતજાતની વાતો, હસી-મજાક, ગીત-સંગીત, નાટક-ચેટક, ... આપણી પીઠ પર કોઇકનો ધબ્બો પડે, ... કોઇકના હાથમાં આપણી તાળી ઝીલાય... એમ કરી રાત પુરી થાય... દિવસો પૂરા થાય... જિંદગી પણ વીતી જાય. એટલે સમજુ માણસો તો અરીસા સામે ખપ પૂરતું જ જુએ. હાસ્તો, એટલું બધું શું દર્પણમાં ડૂબી જવાનું? એટલો બધો સમય છે આપણી પાસે? જાત સામે ખુલ્લા થવાનો?

"તોરા મન દરપન કહેલાયે..."